## અભિનયના પ્રભેદો

ભરતમુનિએ અભિનયના ચાર ભેદ ગણાવ્યા છે. (૧) આંગિક (૨) વાચિક (૩) આહાર્ય તથા (૪) સાત્વિક.

આંગિકો વાચિકશ્ચૈવ હ્યાહાર્યઃ સાત્વિકસ્તથા ।
જ્ઞેયસ્ત્વભિનયો વિપ્રાશ્ચતુર્ધ્ધા પરિકીર્તિતઃ ॥
(અધ્યાય ૮ / શ્લોક ૯)

અંગજન્ય કે અંગ અને ઉપાંગોના હલનચલનથી પદાર્થ-અર્થ પ્રગટ કરવો તે આંગિક અભિનય. વાણી અને ભાષા દ્વારા અનુકૃતિ કરવી તે વાચિક અભિનય. ચિત્ત અને અંતઃકરણજન્ય છતાં જે શરીરના સત્વો દ્વારા પ્રગટ થાય છે તે સાત્વિક અભિનય. આભૂષણો, સન્નિવેષ વિગેરે ઇતર નાટ્યકાર્ય દ્વારા બતાવાતો અભિનય અર્થ તે આહાર્ય અભિનય.
(શ્રી જશવંત ઠાકર: અભિનયકલા પૃ. ૯૫)

નટની કળા અન્ય કળાઓ કરતાં વિશિષ્ટ કળા છે કારણ કે તેમાં સર્જક અને સર્જનનું માધ્યમ બંને પૃથક્ નહિ પણ એકજ છે. નટનું શરીર, નટની ચેતના, નટનું મન એજ તેની અભિવ્યક્તિનું માધ્યમ છે. નટ પોતાના દેહને માધ્યમ બનાવી પાત્ર સર્જન કરે છે. ~~ચિત્રકળામાં~~ ચિત્રકળામાં રંગ પીંછી અને કેનવાસ - આ ત્રણ માધ્યમો તથા ચિત્રકારની સર્જક ચેતના પૃથક છે, સાહિત્યની કળામાં અભિવ્યક્તિનું માધ્યમ શબ્દ અને તેનો સર્જક કવિ આ બંને જુદા છે, પણ અભિનયકળામાં સર્જક અને સર્જનનું માધ્યમ બંને સ્વયં નટજ છે. નટ પોતાના મન, વાણી અને વર્તન દ્વારા પાત્રને જીવંત કરે છે. નટ પોતાનો દેહ આપી પાત્રને સજીવન કરે છે. એટલેજ ભરતમુનિએ મન, વાચા અને કર્મના આધારે અભિનયના અનુક્રમે સાત્વિક, વાચિક તથા આંગિક એવા ત્રણ ભેદ સ્વીકાર્યા છે.

વેદમાં આત્માના જે ત્રણ કારણ માનવામાં આવ્યા છે પ્રાણ, વાક્ અને મન તેનેજ ભરતમુનિએ અનુક્રમે અંગ અથવા કાય, વાક્ અને સત્વ કહી વાગંગસત્વ, વાક્મન કાય, મનોવાક્કાય વિગેરે ક્રમભેદથી વિભિન્ન ત્રિકોમાં રાખી અભિનયનું નિરુપણ કર્યું છે. પ્રાણ તત્વનું

પ્રત્યક્ષ પ્રાકટ્ય આંગિક ચેષ્ટાઓમાં માની શકાય. એમ તો વાક્ અને મન પણ પ્રાણના સંયોગથીજ ક્રિયાશીલ બને છે છતાં પણ પ્રાણની સીધી અભિવ્યક્તિ અંગ અથવા કાય અથવા શરીરમાં થાય છે. શરીર માટે અંગ શબ્દનો પ્રયોગ ધ્યાન દેવા યોગ્ય છે. અંગ શબ્દ શરીરના અવયવો માટે પણ પ્રયોજાય છે અને આખા શરીર અર્થાત્ અંગી માટે પણ. એટલે આંગિક અભિનયનો અર્થ થાય છે, શરીરના વિભિન્ન અંગો દ્વારા અભિનય જેમાં આખાય શરીરનો એક સાથે પ્રયોગ થાય છે અને કોઇ અંગ અથવા અંગસમુહ વિશેષનો પણ પ્રયોગ થાય છે.

ચોથો ભેદ તે આહાર્ય અભિનય. તે નટ અથવા અભિનેતા કર્મ ન હોવાથી તેનો અભિનયમાં સમાવેશ કરવો કેટલાક આચાર્યો ઉચિત માનતા નથી પણ રંગભુષા, વેશભુષા તથા અન્ય હસ્ત ઉપકરણો નટ દ્વારા ધારણ કરવામાં આવતા હોવાથી તેમજ અન્ય દૃશ્યસામગ્રી નટના અભિનય વ્યાપાર દ્વારાજ અર્થ પ્રાપ્ત કરતી હોવાથી રંગભુષા, વેશભુષા, દૃશ્યસામગ્રી જેવા બાહય તત્વોને આવરી લેતા 'આહાર્ય' નો અભિનય અંતર્ગત સમાવેશ કરવો તે બિનતાર્કિક નથી. આ તમામ બાહય તત્વો નટની ચેતના દ્વારાજ ક્રિયાશીલ બને છે, અર્થ પ્રાપ્ત કરે છે. પુંઠામાંથી બનાવેલ પદાર્થને નટ મુગટની જેમ ધારણ કરે છે અને તેથી એ પદાર્થ મુગટ બની જાય છે. નટ તેને મુગટ માને છે અને મનાવે છે તેથીજ તેને તે અર્થ પ્રાપ્ત થાય છે. તેજ પ્રમાણે નટને પાત્રની આકૃતિ તથા બાહ્ય દેખાવ આપવા માટે અન્ય કર્મીઓ દ્વારા રંગભુષા અને વેષભૂષા ધારણ કરાવાની હશે પણ જ્યાં સુધી તેને નટનો દેહ તથા ચેતના પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેને કોઇ અર્થ પ્રાપ્ત થતો નથી. એટલે આહાર્યનો અભિનયમાં સમાવેશ કરવો અયુક્તિક નથી.

નટનું મન, વાચા તથા કર્મ એ નટની આંતરિક સામગ્રી છે તો રુપસજ્જા એ બાહય સામગ્રી છે એટલે કે આંગિક વાચિક તથા સાત્વિક અભિનય તે નટના દેહ અને મન સાથે સંકળાયેલા છે જ્યારે આહાર્ય અભિનય એ નટ દ્વારા ધારણ કરાતા બાહય પદાર્થો સાથે. આ બંને સામગ્રીનો સમન્વય આ ચતુર્વિધ અભિનય દ્વારા સુચવાયો છે.

ભરતમુનિના ચતુર્વિધ અભિનયને પછીના નાટ્યશાસ્ત્રીય ગ્રંથોએ સ્વીકાર્યો છે. અભિનય દર્પણ, સાહિત્યદર્પણ, નાટ્યદર્પણ, સંગીતરત્નાકર વિગેરે તમામ ગ્રંથોમાં અભિનયના આ ચાર ભેદો સ્વીકારવામાં આવ્યા છે.

ભરતમુનિએ અભિનયના આ ચાર ભેદ ઉપરાંત અન્ય બે ભેદો પણ ગણાવ્યા છે. (૧) સામાન્ય અભિનય તથા (૨) ચિત્રાભિનય. શ્રી આદ્ય રંગાચાર્ય જેવા કેટલાક વિધ્વાનો સામાન્ય અભિનયનો 'સાત્વિક અભિનય'માં સમાવેશ કરે છે પણ તે બરાબર નથી. નાટ્યશાસ્ત્રના ૨૪ માં અધ્યાયમાં 'સામાન્ય અભિનય'નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે –

સામાન્યાભિનયો નામ જ્ઞેયો વાઙ્ગસત્વજઃ ।

(અધ્યાય ૨૪ / શ્લોક ૧)

અર્થાત વાણી, અંગ તથા સત્વ ઉપર નિર્ભર રહેનાર અથવા તેનાથી ઉત્પન્ન અભિનય સામાન્યાભિનય કહેવાય છે. એટલે કે તે સાત્વિક અભિનયનો એક પ્રકાર નહી પણ વાચિક, આંગિક તથા સાત્વિક એ ત્રણેયનું સમન્વિત સ્વરુપ છે. સામાન્યાભિનયનું અન્ય લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

શિરોવદનપાદોરુજંઘોદરકટીકૃતઃ
સમઃ કર્મ વિભાગો યઃ સામાન્યાભિનસ્તુ સઃ ॥

(અધ્યાય ૨૪ /શ્લોક ૭૨)

અર્થાત્ શિર, ચહેરો, પગ, ઉરુ, જંઘા, ઉદર તથા કટિ ધ્વારા એકી સાથે ભાવાભિનય પ્રસ્તુત કરવામાં આવે તો તેને સામાન્ય અભિનય સમજવો. શિર, હાથ, દૃષ્ટિ વિગેરે ધ્વારા સંપાદ્ય અભિનયનો એક સમાનીકૃત પ્રયોગ થવાથી સામાન્ય અભિનય સંપન્ન થાય છે. સામાન્યાભિનયના સંદર્ભમાંજ ભરતમુનિ વિધાન કરે છે કે તેનો અભિનય ચતુર અભિનેતા ધ્વારા (અભિનયસ્તુ નાટ્યજ્ઞૈ) રસ તથા ભાવોથી યુક્ત લલિત હસ્તસંચાર તથા મૃદુ આંગિક ચેષ્ટાઓ ધ્વારા રજુ કરવો જોઇએ. (અધ્યાય ૨૪/શ્લોક ૭૩)

'સામાન્ય અભિનય' સંબંધી અધ્યાયમાં સામાન્ય અભિનયનું લક્ષણ નિરુપ્યા પછી ભરતમુનિ 'સત્વ'નું લક્ષણ તથા મહત્વ, નાયક, નાયિકાના સત્વજ અલંકારો (શ્લોક ૨ થી શ્લોક ૪૦) વર્ણવે છે જેનો સમાવેશ સાત્વિક અભિનય અંતર્ગત કરી શકાય. શ્લોક ૪૧ થી

૪૮ માં પાંચ પ્રકારના 'શારીરાભિનય' નિરુપ્યા છે જે આંગિક અભિનયમાં સમાવી શકાય. શ્લોક ૪૯ થી ૭૨ માં 'વાચિક અભિનયના બાર માર્ગ' વર્ણવ્યા છે જેનો સમાવેશ વાચિક અભિનયમાં કરી શકાય. શ્લોક ૭૨, ૭૩ માં સામાન્યાભિનયના અન્ય લક્ષણો નિરુપ્યા પછી શ્લોક ૭૪ થી ૯૩ માં નિરુપેલ આભ્યન્તર, બાહય અભિનય, ઇન્દ્રિયાભિનય, મનના ત્રણ ભાવ વિગેરે 'આંગિક અભિનય'નોજ એક ભાગ બને છે તે પ્રમાણે શ્લોક ૯૪ થી ૧૪૨ માં નિરુપેલા નાયિકા ભેદો, શ્લોક ૧૪૪ થી ૧૫૦ માં વર્ણવેલ નાયક-નાયિકા વ્યવહાર, શ્લોક ૧૫૧ થી ૩૨૯ માં નિરુપેલ નાયક-નાયિકા ભેદ તથા નાયક નાયિકા વ્યવહારનો સમાવેશ 'પાત્રનિરુપણ' માં કરી શકાય. તે પછીના વૈશિકોપચાર અધ્યાયનો સમાવેશ પણ 'પાત્રનિરુપણ'માં કરી શકાય.

આમ 'સામાન્ય અભિનય' એ વિશિષ્ટ પ્રકારનો અભિનય નથી પરંતુ વાચિક, આંગિક અને સાત્વિક અભિનયનું સમાહિત રુપ છે. મન, વાચા અને કર્મ એ ત્રણેનો તેમાં સમન્વય હોવાથી ભજ તેનું સ્વતંત્ર ભેદ તરીકે વર્ગીકરણ કરતાં નથી.

'ચિત્રાભિનય' એ આંગિક અભિનયનોજ વિશિષ્ટ પ્રકાર છે. વિભિન્ન નાટ્યોકિતઓ-જનાન્તિક, આકાશભાષિત, અપવારિત-એટલે વાચિક અભિનય સંબંધી અંશ તથા અંતિમ શ્લોકોમાં 'નાટ્ય સ્વરુપ' સંબંધી અંશ બાદ કરતાં બાકીનું વિવરણ આંગિક અભિનય સાથે સંકળાયેલું છે. સંધ્યા, સુર્ય, ચંદ્ર, નદી, વન તથા પર્વત વિગેરે પ્રાકૃતિક પદાર્થો તથા પરિસ્થિતિઓ આંગિક અભિનયની વિભિન્ન મુદ્રાઓ વડે પ્રતીકાત્મક રીતે રજુ કરવામાં આવતી હોવાથી તેને આંગિક અભિનયનોજ એક પ્રકાર ગણી શકાય.

'સામાન્ય અભિનય' તથા 'ચિત્રાભિનય'ને લગતા અધ્યાયોમાંની સામગ્રી આંગિક, વાચિક તથા સાત્વિક અભિનય અંતર્ગત સમાવી શકાય તેમ હોવાથી તેમનો સ્વતંત્ર અભિનયભેદ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો નથી.

ભરતમુનિ નિરુપિત ચાર અભિનયો ઉપરાંત ભાવ તથા રસ તેમજ વિભિન્ન પ્રકારના પાત્રો અને તેમના માટે નટ નટીની વરણી, વિભિન્ન નાટ્યપ્રયોકતાઓ તથા પૂર્વરંગ, ધ્રુવાગાન, કક્ષ્યાવિભાગ, વૃત્તિ, પ્રવૃત્તિ, ધર્મીના, સિધ્ધિ - આ તમામ નાટ્યરુઢિઓ અભિનયઆશ્રિત

હોવાથી તેની વિસ્તૃત ચર્ચા અસ્થાને નહી લેખાય.

ચારેય પ્રકારના અભિનયના લક્ષણો તથા પેટાભેદોની વિસ્તારપૂર્વક ચર્ચા પછીના અધ્યાયમાં કરવામાં આવી છે પણ તે પહેલાં નાટ્ય, નૃત્ત તથા નૃત્ય આ ત્રણેય નટ નર્તક આશ્રિત રંગમંચીય કળાઓના સંદર્ભમાં અભિનયની વિભાવના સ્પષ્ટ કરી આપવી આવશ્યક છે. એટલે એક સ્વતંત્ર પ્રકરણમાં તેની છણાવટ કરવામાં આવી છે.